# શહેરમાં સ્ટ્રીટ લાઈટના કટાયેલા થાંભલા જાહેરાતનુ માધ્યમ બન્યા

**સેકટરોના આંતરિક વિસ્તારમાં સ્થિત લાઇટીંગ પોલ્સને વર્ષોના અંતે કલર પણ કરાયો નથી : જયારે સ્ટ્રીટ લાઇટના થાંભલા પર ચિપકાવતા જાહેરતતના પેમ્ફલેટસ કે બોર્ડસ સામે દંડનીય કાર્યવાહી કરવાના નિર્ણયનો પણ અમલ થતો નથી**

ગાંધીનગર તા ૧૫

ગાંધીનગરમાં સ્ટ્રીટ લાઇટના થાંભલા વર્ષોથી કંગાલ હાલતમાં જોવા મળી રહ્યા છે. શહેરના સ્માર્ટ બનાવવા માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે પરંતુ માળખાગત સુવિધાઓ હજુ ખાડે ગયેલી હાલતમાં છે. સેકટરોમાં મોટાભાગના લાઈટીંગ પોલ્સ કટાયેલી હાલતમાં છે. જયારે આ કટાયેલા થાંભલા પર જાહેરતના પેમ્ફલેટસ ચિપકાયેલા જોવા મળી રહ્યા છે. લાઈટીંગ પોલ્સની જાળવણીના અભાવ વચ્ચે થાંભલા જાહેરાતનુ માધ્યમ બન્યા છે.




ગાંધીનગર શહેરમાં સ્માર્ટ સીટી અન્વયે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે. શહેરમાં માળખાગત સુવિધાને અપગ્રેડ કરવા માટે પણ કાર્યયોજના શરૂ કરી દેવામાં આવી છે. પાણી ગટરની નવી લાઈન નાંખવામાં આવી રહી છે. પરંતુ સ્માર્ટ બનવા જતા શહેરમાં હજુ પણ ચાર દાયકા જુના દ્રશ્યો યથાવત જોવા મળે છે. શહેરના માર્ગો આસપાસ તેમજ સેકટરોમાં ગંદકીના ઢગ ખડકાયેલા જોવા મળી રહ્યા છે. આ ઉપરાંત નગરના માર્ગો આસપાસ સ્થિત સ્ટ્રીટ લાઇટના થાંભલા પણ કટાયેલી અને કંગાળ હાલતમાં જોવા મળી રહ્યા છે. સેકટરોના આંતરિક વિસ્તારમાં લાઈટના થાંભલાનો કલર પણ ઓળખાય તેવો રહ્યો નથી. કટાયેલા થાંભલા સેકટરોની આગવી ઓળખ બની ગયા હોય તેવી સ્થિતિ છે. આ ઉપરાંત સ્ટ્રીટ લાઈટના થાંભલા પર જાહેરાતના બોર્ડસ કે પેમ્પલેટસ ચિપકેલા જોવા મળે છે. અલબત્ત શહેરના જાહેર માર્ગોની જેમ સ્ટ્રીટ લાઇટના થાંભલા પણ જાહેરાતનુ માધ્મય બન્યા છે. એલ ઈ ડી લાઈટના પ્રોજેકટના અમલ બાદ શહેરના માર્ગો પર અજવાળુ પાથરતા સ્ટ્રીટ લાઈટના બિલમાં પણ નોંધપાત્ર ઘટાડો થયો હોવાનુ મનાઈ રહ્યુ છે. શહેરમાં અંદાજિત ૧૮ હજાર જેટલા લાઈટીંગ પોલ્સ છે. જયારે હજુ પણ સેકટરોમાં લાઈટના થાંભલા બંધ હાલતમાં હોવાની અનેકવાર ફરિયાદો ઉઠવા પામે છે. પરંતુ આ ફરિયાદોનુ નિવારણ પણ ત્વરિત આવી જતુ હોવાનો દાવો તંત્ર દ્વારા કરવામાં આવી રહ્યો છે. જો કે વરસાદી દિવસો દરમિયાન સેકટરોમાં સ્ટ્રીટ લાઈટો વિશેષ રૂપે બંધ હાલતમાં હોવાનો રોષ પણ સ્થાનિકો ઠાલવે છે. આ સ્થિતિ વચ્ચે હાલ છેલ્લા ઘણાં સમયથી નગરના માર્ગોની સુંદરતાને ઠેસ પહોંચાડતા સ્ટ્રીટ લાઈટના પોલ્સને રંગરોગાન કરવા માટે પણ વિશેષ રૂપે કોઈ આયોજન કરવામાં આવતુ નથી વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી વી વી આઈ પી ની અવરજવરને ધ્યાનમાં રાખી થાંભલાને કલરકામ કરી દેવામાં આવે છે. પરંતુ સેકટરોના આંતરિક વિસ્તારમાં  થાંભલાની હાલત અત્યંત કંગાળ જોવા મળી રહી છે. જયારે કટાયેલા થાંભલા હાલ માર્ગો પર અજવાળુ પાથરવા કરતા જાહેરાત માટે વિશેષ ઉપયોગી થઈ રહ્યા છે. અગાઉ આ મામલે આ પ્રકારની કોર્મશિયલ હરકત બદલ દંડ વસુલીના પગલા લેવાનો નિર્ણય પણ લેવાયો હતો પરંતુ હજુ સુધી આ મામલે કોઈ પગલા લેવાતા નથી. જેના લીધે આ પ્રકારની પ્રવૃતિ વધી છે. તંત્ર દ્વારા સ્ટ્રીટ લાઈટની જાળવણી માટે યોગ્ય આયોજન કરવુ અનિવાર્ય હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે. જયારે જાહેર માર્ગો આસપાસ સ્થિત લાઈટીંગ પોલ્સ પર ગમે ત્યાં જાહેરખબરના હેતુથી પેમ્ફલેટસ ચિપકાવનારા સામે પણ પગલા લેવા જોઈએ તેવી પણ માંગ પ્રબળ બનતી જાય છે.

# શહેરમાં ગંદકી અને ગાબડાથી ઘેરાયેલી ફુટપાથ પર હવે દબાણોનો પણ અડ્ડો

**કરોડોના ખર્ચે નિર્માણ કરાયેલી ફુટપાથનો હેતુ સરતો નથી : તંત્ર કક્ષાએથી પણ કોઇ પગલા ન લેવાતા ફુટપાથના લીધે અનેક દુવિધાઓ ઉભી થઇ રહી છે**

ગાંધીનગર તા ૧૫

શહેરમાં કરોડોના ખર્ચ નિર્માણ કરાયેલી ફુટપાથ પર હજુ ગાબડા પુરાયા નથી તુટેલા બાકડા, ગંદકી રખડતા ઢોર ,તેમજ બાર્ડસ હોર્ડિંગ્સથી ઘેરાયેલી ફુટપાથ પર ધીમે ધીમે દબાણો કબજો જમાવી રહ્યા છે. માર્ગો આસપાસ સ્થિત વોક વે દબાણોની ગિરફતમાં આવ્યો છે. સર્કલો નજીક સ્થિત ફુટપાથ પર ઠેર ઠરે લારી ગલ્લાના દબાણો વધતા સ્થાનિકો પણ તોબા પોકારી ગયા છે. ફુટપાથ નિર્માણ બાદ યોગ્ય જાળવણીના અભાવે કંગાળ જોવા મળતુ ફુટપાથનુ નેટવર્ક અનેક દુવિધાઓથી ઘેરાયેલુ છે.

ગાંધીનગરમાં દબાણની સમસ્યા દિનપ્રતિદિન ગંભીર બનતી જાય છે. એક તો દબાણો કાયમી દુર થાય તે માટે કોઈ આયોજન કરવામાં ન આવતા અત્યાર સુધી હાથ ધરવામાં આવતી દબાણ હટાવ ઝુંબેશ નાટકીય પુરવાર થઈ છે. એક દિવસે દબાણ દુર થાય અને બીજા દિવસે જ જે તે સ્થળે ગોઠવાઈ જાય તે સિલસિલો યથાવત છે જેના લીધે દબાણકર્તાઓને પણ ખુલ્લો દોર મળ્યો છે. આ નિતીના લીધે હાલ શહેરમાં દબાણો વધતા જાય છે. નગરના મુખ્યમાર્ગો આસપાસ સ્થિત વન આરક્ષિત વિસ્તાર પણ દબાણની ચુંગાલમાં આવી ગયો છે. જયારે શહેરમાં એકબાજુ પાર્કીંગની સમસ્યા જટીલ બની છે ત્યારે પાર્કીંગ પ્લેસ પર વાહનો મુકવાની જગ્યા મળતી નથી લાખોના ખર્ચે તૈયાર કરાયેલા પાર્કીંગ પ્લેસ પર દબાણોનો અડ્ડો જોવા મળે છે. શહેરના કોર્મશિયલ વિસ્તારમાં પણ દબાણોની વધતી સંખ્યા મુલાકાતીઓ માટે તોબારૂપ બની છે. સે-૨૧, સે-૧૬ સે-૧૧ અને સે-૭ તેમજ સે-૬ અપના બજાર પાસે દબાણોની સંખ્યા વિશેષ છે. આ ઠેકાણે પાર્કીંગના સ્થાને જ દબાણો ગોઠવાઈ ગયા છે. જેથી સાંકડા સર્વિસ માર્ગ પર રોજબરોજ ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળી રહ્યા છે. મુલાકાતીઓ પણ રોજબરોજ પાર્કીંગની વ્યવસ્થા માટે ગોથે ચઢે છે. જયારે હવે નગરની ફુટપાથ પણ દબાણોની ચુંગાલમાં આવી ગઈ છે. શહેરના સર્કલ પાસેના વિસ્તારમાં ઠેર ઠેર વોક વે પર લારી ગલ્લાના દબાણો વધી રહ્યા છે. જેના લીધે વોકીંગ કરનારાઓ માટે પણ અડચણ ઉભી થઈ છે. દબાણો અસ્તિત્વમાં આવતા બાઈક અને સ્કુટર સહીતના વાહનો પણ ફુટપાથ પર દોડવામાં આવે છે. આ સ્થિતિ વચ્ચે વોક વે નુ અસ્તિત્વ પણ જોખમાયુ છે. શહેરમાં આર ટી ઓ કચેરી પાસે ગ-૨ કોર્નર સે-૨૧ સે-૭ સહીતના વિસ્તારમાં ફુટપાથ પર દબાણોની સંખ્યા વધી રહી છે. એકબાજુ ફુટપાથની જાળવણી સામે પણ પ્રશ્ન મંડરાયો છે. ત્યારે ફુટપાથ પરથી ગાબડા દુર થતા નથી બીજીતરફ દબાણો વધતા વોક વે ના દુર ઉપયોગના લીધે ફુટપાથનુ નેટવર્ક હવે વધુ ચિથરેહાલ જોવા મળી રહ્યુ છે. ફુટપાથ પર કપાયેલા વૃક્ષોના થડીયા , હોર્ડીંગ્સ , બાકડા પણ જોવા મળી રહ્યા છે. જેના લીધે કરોડોના ખર્ચ તૈયાર કરાયેલી ફુટપાથ અનેક સમસ્યાઓથી ઘેરાયેલી છે. બીજીતરફ હવે વધતા દબાણો દુર કરવામાં તંત્ર નિરસતા સેવી રહ્યુ છે જેના લીધે ફુટપાથની હાલત દિનપ્રતિદિન વધુ ખરાબ

● અનુસંધાન પાન-૭ પર

## આઈકોનિક સપ્તાહની ઉજવણીના સમાપનમાં હાજરી આપવા જિલ્લાનું પ્રતિનિધિ મંડળ દિલ્હી જશે

ગાંધીનગર, તા. ૧૫

આઝાદી કા અમૃત મહોત્સવ હેઠળ પંચાયતી રાજ વિભાગ દ્વારા ઉજવાઈ રહેલ આઈકોનિક સપ્તાહની ઉજવણીમાં ભાગ લેવા આજે જિલ્લાના ૧૨ આગેવાનોનું એક પ્રતિનિધિમંડળ દિલ્હી જશે.

જિલ્લા પંચાયત પ્રમુખ દિલીપભાઈ પટેલની આગેવાનીમાં જિલ્લા પંચાયતની કારોબારી, બાંધકામ અને આરોગ્ય સમિતિના ચેરમેનો તેમજ તાલુકા પંચાયતના અપેક્ષિત પદાધિકારીઓ અને ગ્રામ પંચાયતોના અપેક્ષિત સરપંચોનું બનેલુ આ પ્રતિનિધિ મંડળ ૧૬મીએ હવાઈ માર્ગે દિલ્હી પહોંચશે.

આ પ્રતિનિધિમંડળ સાથે પંચાયતના જિલ્લા વિકાસ અધિકારી અને અન્ય અધિકારીઓ પણ જોડાશે.

૧૭મી એપ્રિલે આઈકોનિક સપ્તાહના સમાપન સમારોહમાં આ પ્રતિનિધિ મંડળ હાજર રહેશે તેમજ ૧૭મીએ મોડી સાંજે દિલ્હીથી ગાંધીનગર હવાઈ માર્ગે જ પરત આવશે.

આ આઈકોનિક સપ્તાહના ઉદ્‌ઘાટન સમારોહમાં જિલ્લા પંચાચત પ્રમુખ દિલીપભાઈ પટેલે હાજરી આપી હતી જે ઉલ્લેખનીય છે. આ આઈકોનિક સપ્તાહની ઉજવણીમાં વિકાસના ટકાઉ લક્ષ્યાંકો પર ગંભીર ચિંતન કરવામાં આવી રહ્યુ છે. આ ઉપરાંત પંચાયતી રાજ વ્યવસ્થાને વધુ અસરકારક બનાવવાના વિષય પર પણ ચિંતન કરાયુ છે.

## જિલ્લાના ૭૦ ગામોમાં ૧લી મેથી સઘન સ્વચ્છતા અભિયાન હાથ ધરાશે

**શહેરી વિતારથી પાંચ કિ.મી.ની હદમાં આવેલા ગામોમાં આ અભિયાન હાથ ધરાશે : ગ્રામ વિકાસ એજન્સી નોડલ એજન્સી તરીકેની જવાબદારી નિભાવશે : દર પખવાડિયે અભિયાનની કામગીરી તેમજ મૂલ્યાંકન કરવા બેઠકો યોજાશે**

ગાંધીનગર, તા. ૧૫

શહેરી વિસ્તારથી પાંચ કિ.મી.ના વિસ્તારમાં આવતા જિલ્લાના ૭૦ થી વધુ ગામોમાં હવે શહેર જેવી સફાઈ સહિતનું સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવશે.

જિલ્લાના આ પૈકી ઘણા બધા ગામો ગુડા અને ઔડામાં સામેલ હોવાથી આ બે સંસ્થાઓ ઉપરાંત જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, પંચાયતી રાજ સંસ્થાઓ સાથે મળી આ અભિયાન ચલાવશે. આ અંગેનો રોડમેપ તંત્ર દ્વારા તૈયાર કરી દેવામાં આવ્યો છે.

મળતી વિગતો પ્રમાણે આ ગામોમાં આગામી ૧લી મે થી સ્વચ્છતા અભિયાનનો આરંભ કરવાનું હાલ આયોજન છે. આગામી સપ્તાહમાં જિલ્લા કલેકટરશ્રીના અધ્યક્ષપદે બેઠક યોજી તેને આખરી ઓપ આપી દેવામાં આવશે.

ગાંધીનગર તાલુકાના ૪૨ ગામ, કલોલના ૨૧, માણસાના પાંચ ગામનો સમાવેશ આ અભિયાનમાં કરવામાં આવ્યો છે. આ ગામોમાં સ્વચ્છતા અભિયાન શહેરી સત્તામંડળો, પંચાયતીરાજની સંસ્થાઓ અને અન્ય વિભાગો દ્વારા મિશનમોડ પર હાથ ધરવામાં આવનાર છે. મનપા, જિ. પંચાયત તેમજ અન્ય સંસ્થાઓ પણ જોડાશે.

તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આ સ્વચ્છતા અભિયાનને લઈ ખાસ એમ્બેસેડરોની નિયુક્તી કરવામાં આવશે તેમજ સ્વૈચ્છીક સંગઠ્નોને પણ સક્રિય કરી તેમની સક્રિયતા સાથે આગળ ધપાવવાનું આયોજન છે.

● અનુસંધાન પાન-૭ પર

## ઉનાળાની આકરી ગરમીમાં

# પાણી માટે ચલાવાતી ઈલેકટ્રીક મોટરથી વિજબીલમાં નોંધપાત્ર વધારો

**એસી, એર કુલરોના ધમધમાટ વચ્ચે પુરતા ફોર્સથી પાણી ન આવતા સરકારી આવાસોના રહીશોને મોટર ચાલુ કર્યા સિવાય પાણી મળતુ નથી : ઇલેક્ટ્રીક મોટરના લીધે વિજબીલમાં ૫૦૦ રૂપિયાનો વધારો**

ગાંધીનગર તા ૧૫

ઉનાળાની આકરી ગરમીના દિવસોમાં એકબાજુ એ સી અને કુલર સહીતના વિવિધ ઉપકરણોનો ઉપયોગ વિશેષ રીતે થાય છે જયારે બીજીતરફ પાણીની પોકાર ન ઉઠે તે માટે પણ શહેરના સેકટરોમાં મોટાભાગના ઘરોમાં ઈલેકટ્રીક મોટર ઓન કરવાની ફરજ પડે છે. સરકારી આવાસોમાં મોટર વિના પાણી ચઢતુ જ ન હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે. આ સ્થિતિ વચ્ચે આકરી ગરમીના દિવસોમાં સેકટરવાસીઓના વિજબીલમાં પણ તોતિંગ વધારો થતો હોવાનુ સ્પષ્ટ થયુ છે.

ગાંધીનગરમાં ઉનાળાની આકરી ગરમીના દિવસોમાં પાણીનો વપરાશ વધ્યો છે. જયારે સેકટરવાસીઓ પુરતા દબાણથી પાણી ન મળતુ હોવાની ફરિયાદો પણ કરી રહ્યા છે. આ માટે તંત્રએ પણ અનેક પ્રયાસો કર્યા છે. ત્યારે સેકટરવાસીઓ ઘરના ધાબા સુધી પાણી પહોંચતુ કરવા માટે ઈલેકટ્રીક મોટર ચલાવે છે. ગરમીમાં પાણીનો વપરાશ વધ્યો છે. જેની સાથે સરકારી આવાસોમાં રહેતા કર્મચારીઓના વિજબીલમાં પણ નોંધપાત્ર વધારો થયો છે. પાટનગર યોજના વિભાગ કક્ષોથી સપ્લાય થતા પાણી ભોંયતળિયે બનાવેલી ટાંકી સુધી જ પહોંચે છે. જયારે સરકારી આવાસોમાં રહેતા રહીશોએ પાણી ખેંચવા માટે મોટર ચલાવવી ફરજ પડે છે. જેના લીધે સરકારી આવાસના રહીશોએ રૂ ૫૦૦ થી ૬૦૦ સુધી વિજબીલનુ ભારણ વધુ વેઠવાનો વારો આવ્યો છે.

ગાંધીનગરના સેકટરોમાં ઉનાળાની આકરી ગરમીના દિવસોમાં વધુ વિજવપરાશનો સર્વે કરવામા આવે તો તેની પાછળના કારણમાં મોટર થકી પાણી ખેંચવાના લીધે પણ આ વિજ વપરાશ વધ્યો હોવાનુ દેખીતી રીતે સ્પષ્ટ થાય તેમ છે. શહેરના સેકટરોમાં અંદાજિત ૫૦ હજાર મકાનોમાં અંદાજિત રૂ ૩ કરોડથી વધુ રકમ પાણીને અનુલક્ષી વિજબીલ માટે ચુકવાતી હોવાનુ સ્પષ્ટ થઈ રહ્યુ છે. જયારે ઉનાળાના ચાર મહીનાને અનુલક્ષી આ સ્થિતિ  ઓગષ્ટ મહીના સુધી રહેતી હોવાનુ પણ મનાઈ રહ્યુ છે. જેના લીધે બે વિજબીલની સાઈકલ પાણીના લીધે મોટર ચલાવાથી વધી જાય છે.

● અનુસંધાન પાન-૭ પર



ગુલાબી ઝાય ધરાવતુ આ ઉનાળાનુ દેશી ફળ ગોરસ આંબલી બાળપણની યાદ અપાવી દે છે. એકઝોટીક ફળોના યુગમાં જીવતા બાળકોએ તો કદાચ ગોરસ આંબલીનું નામ જ પહેલીવાર સાંભળ્યુ હશે. ગામડાઓની સીમમાં ઉગતી ગોરસ આંબલી ખાવાની મજા જ કંઈક અલગ છે. આજકાલ બજારોમાં ક્યાંક ક્યાંક ગોરસ આંબલી દેખાઈ આવે છે.

## રેશનકાર્ડ સાથે આધાર સિડીંગની શહેરમાં જ નબળી કામગીરી

ગાંધીનગર, તા. ૧૫

રેશનીંગ કાર્ડ સાથે આધારસિડિંગની ગાંધીનગર શહેર વિસ્તારમાં જ નબળી કામગીરીની હકીકતો બહાર આવતાં જિલ્લાતંત્ર ચોંકી ઉઠ્યુ છે.

જિલ્લાના ચાર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં ૯૦ ટકાથી વધુ કામગીરી સંપન્ન થઈ ગઈ હોવાનું જાણવા મળેલ છે. જ્યારે શહેરી વિસ્તારમાં ખાસ કરીને ગાંધીનગર શહેરમાં જ આ કામગીરી નબળી જણાઈ હોવાથી જિલ્લા કલેક્ટરે આ અંગે ખાસ અભિયાન યોજવા સૂચના આપી છે.

રેશનકાર્ડ સાથે મોબાઈલ નંબર રજીસ્ટ્રેશન પણ કરવામાં આવી રહ્યુ છે અને આ કામગીરી પણ ઝડપથી પૂર્ણ કરવા માટે તમામ મામલતદારોને સૂચના આપવામાં આવી છે.

જિલ્લામાં રેશનીંગ કાર્ડમાં સુધારાની કામગીરી પણ ઝડપથી અને તેની સમયમર્યાદામાં પૂર્ણ થાય તેમ જણાવવામાં આવ્યુ હોવાનું પણ જાણવા મળેલ છે. જિલ્લામાં ખોરાક અને ઔષધ નિયમનતંત્રને પણ તેની કામગીરી સઘન બનાવવા માટે કલેક્ટરશ્રીએ તાકીદ કરી હોવાનું આ સૂત્રોએ જણાવ્યુ છે.

## બાલોદ્યાનમાં પ્રવેશ ફી રદ કરી કરમુકત કરવા માટે શહેર વસાહત મહામંડળની રજુઆત

ગાંધીનગર તા ૧૫

ગાંધીનગરમાં કોર્પોરેશન અસ્તિત્વમાં આવ્યા બાદ આમ નાગરિકો પર એક યા બીજી રીતે કર નાંખવામાં આવે છે જયારે શહેરના સેકટરોમાં સ્થિત ઉદ્યાનોને પણ તોતિંગ ખર્ચ કરીને વિકસાવાયા છે. સે-૨૮ સ્થિત બાલોદ્યાન પણ નવા રૂપરંગમાં જોવા મળી રહ્યો છે. પરંતુ સહેલાણીઓ માટે હોટ ફેવરીટ ગણાતા બાલોદ્યાનમાં પ્રવેશ ફી સહીત વિવિધ રાઈડસના ભાવ પણ ડબલ કરી દેવાતા સ્થાનિકોમાં આક્રોશ પ્રવર્તયો છે. આ અન્વયે શહેર વસાહત મહામંડળે બાલોદ્યાનને કરમુક્ત કરવા માટે રજુઆત કરી છે.

ગાંધીનગરમાં કોર્પોરેશન અસ્તિત્વમાં આવ્યા બાદ નાગરિકો પર વિવિધ પ્રકારે કર નાંખવાનો રસ્તો શોધી કાઢવામાં આવે છે. એકબાજુ સેકટરોના ઉદ્યાનો તેમજ તેની ઉપયાગીતા સામે પણ સવાલો મંડરાયા છે. જયારે શહેરની આગવી ઓળખ સમા સે-૨૮ સ્થિત બાલોદ્યાનને નવા રૂપરંગ આપવા માટે પણ તોતિંગ ખર્ચ કરાયો છે. નગરના ઉદ્યાનો કોર્પોરેશન હસ્તક અપાયા બાદ કરોડોના ખર્ચે ઉદ્યાનો વિકસાવીને આમ નાગરિકો પર એક યા બીજી રીતે કર નાંખવામાં આવી રહ્યો છે. સે-૨૮ ના બાલોદ્યાનમાં પણ રોજબરોજ મોટી સંખ્યામાં સહેલાણીઓ આવતા હોય છે. જયારે વેકેશન અને રજાના દિવસોમાં આ ઉદ્યાન સહેલાણીઓથી ઉભરાય છે. પરંતુ હાલની સ્થિતિએ આ ઉદ્યાન રોજબરોજ આવતા મુલાકાતીઓ તેમજ વોકીંગ માટે કે લટાર મારવા આવનારા માટે બંધ થઈ ગયો છે. અલબત્ત બાલોદ્યાનમાં પ્રવેશ માટે ફી નિયત કરી દેવામાં આવી છે. આ ઉપરાંત બાલોદ્યાનમાં રાઈડસના ભાવમાં પણ ડબલ વધારો કરી દેવાયો છે. જેના લીધે સ્થાનિકોમાં રોષ પ્રવર્તયો છે. સ્થાનિક નાગરિકો પણ વિરોધ વ્યકત કરી રહ્યા છે. ગાંધીનગર શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચના જણાંવ્યા મુજબ આ મામલે શહેર વસાહત મહામંડળે પણ અનેકવાર રજુઆત કરી છે. આમછતા બાલોદ્યાનમાં ફી ની વસુલી તેમજ આમ નાગરિકોને નાસ્તો લઈ જવા દેવા માટે પણ છુટછાટ આપવામાં આવતી નથી. બાલોદ્યાનને કરમુકત કરવા માટે મહામંડળના પ્રમુખે રજુઆતમાં જણાંવ્યુ છે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

શ્રદ્ધાદીપ હાર્ટ ક્લિનિક
(હૃદયની સારવાર હવે વધુ સરળ અને વ્યાજબી દરે)
Dr. Bonny Gajjar MD, DM
(Interventional Cardiology)
દરરોજ 9-00 AM to 12-00 PM 2-00 PM to 8-00 PM
● ૫ વર્ષનો બહોળો અનુભવ ધરાવતા ●
Emergancy (24x7)
હૃદયને લગતી તમામ સારવાર ઉપલબ્ધ
પહેલાથી રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે. ચાર્જ અને વધુ માહિતી માટે
Contact : 8980009499, 9409583530
સ્થળ
VTC, A-603, છઠ્ઠો માળ, કુડાસણ, ગાંધીનગર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com